RCoA
Royal College of Anaesthetists

# જનરલ/સામાન્ય એનેસ્થેટિક:

## જોખમો અને આડઅસરો

દરેક વ્યક્તિ અલગ હોય છે અને કઈ વ્યક્તિને આડઅસર કે જોખમનો અનુભવ થશે તે જાણવું શક્ય નથી. કેટલાક એવા લોકોમાં આડઅસર થવાની વધુ સંભાવના જોવા મળે છે કે જેમને પહેલાથી જ સ્વાસ્થ્ય સમસ્યાઓ છે અથવા ચોક્કસ ઓપરેશન કરાવવાની જરૂર છે.

નીચે આપેલા આંકડા સંશોધન અભ્યાસોમાંથી સરેરાશ લીધેલ છે. અભ્યાસમાં સામેલ લોકો સામાન્ય રીતે નિયમિત શસ્ત્રક્રિયા કરાવતા હતા, તેમનું વજન સ્વસ્થ હતું અને તેમને કોઈ ચોક્કસ સ્વાસ્થ્ય સમસ્યાઓ નહોતી.






અમે જે સંશોધનનો ઉપયોગ કર્યો છે તે વિશે તમે અહીં જાણી શકો છો:
www.rcoa.ac.uk/patientinfo/risks/evidence.

**તમારું જોખમ આ આંકડાઓ કરતા વધારે અથવા ઓછું હોઈ શકે છે. તમારા એનેસ્થેટિક ડૉક્ટર તમારી સાથે તે જોખમોની ચર્ચા કરશે કે જે તેઓ તમારા માટે વધુ મહત્ત્વનું હોવાનું માને છે.**

વિવિધ પ્રકારના એનેસ્થેસિયા વિશેની માહિતી તમે અમારી વેબસાઇટ પર મેળવી શકો છો, જે વિવિધ ભાષાઓમાં અહીં ઉપલબ્ધ છે: www.rcoa.ac.uk/patientinfo/translations#languages.

**આ સંખ્યા દર 100 લોકોમાંથી છે.**


| શું થશે? | | કેટલા સમય માટે? | કેટલા લોકોમાંથી? દર 100 લોકોમાંથી (સો લોકો) |
| --- | --- | --- | --- |
|  | ધ્રુજારી આવવી | રિકવરી રૂમમાં 20-30 મિનિટ માટે | લગભગ 15 લોકોને આવું થયું છે / લગભગ 85 લોકોને આવું થયું નથી |
|  | ઉબકા (બીમાર લાગવું) | 1–24 કલાક માટે | લગભગ 15 લોકોને આવું થયું છે / લગભગ 85 લોકોને આવું થયું નથી |

| | | | | |
|---|---|---|---|---|
|  | **ગળા માં દુખાવો** | 24-48 કલાક માટે |  લગભગ **20–40** લોકોને આવું થયું છે<br>ઉપયોગમાં લેવાતી શ્વાસનળીના પ્રકાર પર આધાર રાખે છે | લગભગ **60–80** લોકોને આવું થયું નથી |
|  | **ઉઝરડા કે દુખાવો**<br>ઇન્જેક્શનથી. | થોડા દિવસોમાં જતો રહે છે |  લગભગ **10** લોકોને આવું થયું છે | લગભગ **90** લોકોને આવું થયું નથી |
|  | **હોઠ અથવા જીભની મામૂલી ઇજા** | થોડા દિવસોમાં સાજા થાય છે |  લગભગ **1–5** લોકોને આવું થયું છે | લગભગ **95–99** લોકોને આવું થયું નથી |
|  | છાતીમાં ચેપ | દિવસો કે અઠવાડિયા સુધી રહે છે |  લગભગ **20** લોકોને આવું થયું છે | લગભગ **80** લોકોને આવું થયું નથી |
|  | મૂંઝવણ (ચિત્તભ્રમ) | દિવસો, અઠવાડિયા અથવા મહિનાઓ સુધી રહે છે |  લગભગ **10–50** લોકોને આવું થયું છે | લગભગ **50–90** લોકોને આવું થયું નથી |

## નીચેના જોખમો ભાગ્યે જ જોવા મળે છે.

આ સંખ્યા દર 10,000 લોકોમાંથી છે.

| | શું થશે? | કેટલા સમય માટે? | કેટલા લોકોમાંથી? દર 10,000 લોકોમાંથી (દસ હજાર લોકો) | |
|---|---|---|---|---|
|  | **દાંતને નુકસાન** | દંત ચિકિત્સક પાસે જવું જરૂરી છે | લગભગ **5** લોકોને આવું થયું છે | લગભગ **9,995** લોકોને આવું થયું નથી |
|  | **ઝાંખી દ્રષ્ટિ, આંખમાં બળતરા અથવા દુખાવો**<br>હળવી ખંજવાળ અથવા સૂકી આંખોને કારણે. | થોડા દિવસો | લગભગ **5** લોકોને આવું થયું છે | લગભગ **9,995** લોકોને આવું થયું નથી |
|  | **ઝણઝણાટ, નિષ્ક્રિયતા, દુખાવો અથવા નબળાઈ**<br>(ચેતા નુકસાન). | કામચલાઉ (અઠવાડિયાથી મહિનાઓ સુધી) | લગભગ **1–5** લોકોને આવું થયું છે | લગભગ **9,995–9,999** લોકોને આવું થયું નથી |
| | | કાયમી | લગભગ **1** વ્યક્તિને આવું થયું છે | લગભગ **9,999** લોકોને આવું થયું નથી |

| | | | | |
|---|---|---|---|---|
|  | **ગંભીર એલર્જીક પ્રતિક્રિયા (એનાફિલેક્સિસ)** | ઝડપથી થાય છે તાત્કાલિક સારવાર જરૂરી | **લગભગ 1 વ્યક્તિને આવું થયું છે** | **લગભગ 9,999 લોકોને આવું થયું નથી** |
|  | **કાર્ડિયાક અરેસ્ટ, દા.ત. શસ્ત્રક્રિયા દરમિયાન હૃદય બંધ થઈ જવું** | તાત્કાલિક સારવાર જરૂરી | **લગભગ 3 લોકોને આવું થયું છે** | **લગભગ 9,997 લોકોને આવું થયું નથી** |

આ સંખ્યા દર 100,000 લોકોમાંથી છે.

| શું થશે? | | કેટલા લોકોમાંથી?<br>દર 1,00,000 લોકોમાંથી<br>(એક લાખ લોકો) | |
|---|---|---|---|
|  | **થોડા સમય માટે જાગી જવું**<br>સામાન્ય એનેસ્થેસિયા દરમિયાન (આકસ્મિક જાગૃતિ) | **5 લોકોને આવું થયું હતું**<br><br>દર 1,00,000 માંથી 3-4 લોકોએ કહ્યું કે તે સર્જરી પહેલા અથવા તે પૂર્ણ થયા પછી પાંચ મિનિટથી ઓછા સમય સુધી ચાલ્યું.<br><br>દર 100,000 માંથી લગભગ 1 વ્યક્તિએ કહ્યું કે તેમને થોડો દુખાવો થયો છે. | **99,995 લોકોને આવું થયું ન હતું** |
|  | **તેમની દૃષ્ટિ ગુમાવી (અંધ થઈ ગયા)**<br>ઓપ્ટિક ચેતાને અસર કરતા દબાણ અથવા લોહીના ગંઠાવાને કારણે. | **લગભગ 1 વ્યક્તિને આવું થયું છે** | **લગભગ 99,999 લોકોને આવું થયું નથી** |
|  | **શસ્ત્રક્રિયાની જટિલતાઓને કારણે મૃત્યુ પામ્યા** | **લગભગ 14 લોકોને આવું થયું છે** | **લગભગ 99,986 લોકોને આવું થયું નથી** |
| | **સર્જરી દરમિયાન અથવા પછી તરત જ કાર્ડિયાક અરેસ્ટને કારણે મૃત્યુ પામ્યા** | **લગભગ 1 વ્યક્તિને આવું થયું છે** | **લગભગ 99,999 લોકોને આવું થયું નથી** |
| | **એનેસ્થેસિયાના કારણે મૃત્યુ પામ્યા** | **લગભગ 1 વ્યક્તિને આવું થયું છે** | **લગભગ 99,999 લોકોને આવું થયું નથી** |
| | આ જોખમ ખૂબ જલ્દી બદલાય છે. ઉદાહરણ તરીકે, અમુક શસ્ત્રક્રિયાઓ માટે, જો વ્યક્તિ નબળા હોય, વૃદ્ધ હોય,અથવા અમુક સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા હતા, તો તે દર વધારે છે. | | |

## અસ્વીકરણ

અમે આ પત્રિકામાંની માહિતીને સચોટ અને અદ્યતન રાખવા માટે ખૂબ જ પ્રયત્નો કરીએ છીએ, પરંતુ અમે તેની ખાતરી આપી શકતા નથી. અમે અપેક્ષા રાખતા નથી કે આ સામાન્ય માહિતી તમને હોય તેવા તમામ પ્રશ્નોને આવરી લેશે અથવા તમારા માટે મહત્વપૂર્ણ હોઈ શકે તેવી દરેક વસ્તુ સાથે વ્યવહાર કરશે. માર્ગદર્શિકા તરીકે આ પત્રિકાનો ઉપયોગ કરીને તમારે તમારી પસંદગીઓ અને તમારી કોઈપણ ચિંતાઓ વિશે તમારી તબીબી ટીમ સાથે ચર્ચા કરવી જોઈએ. આ પત્રિકા તેના પોતાના પર સલાહ તરીકે ગણવામાં આવવી જોઈએ નહીં. તેનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક અથવા વ્યવસાયિક હેતુ માટે થઈ શકતો નથી. સંપૂર્ણ અસ્વીકરણ માટે કૃપા કરીને જુઓ: (www.rcoa.ac.uk/patient-information/translations/gujarati).

તમામ અનુવાદો ટ્રાન્સલેટર્સ વિથઆઉટ બોર્ડર્સના અનુવાદક સમુદાય દ્વારા પૂરા પાડવામાં આવે છે. આ અનુવાદોને શક્ય તેટલા ચોક્કસ બનાવવા માટે તેમની ગુણવત્તા તપાસવામાં આવે છે, પરંતુ કેટલીક માહિતીમાં અચોક્કસતા અને ખોટી સમજણ થવાનું જોખમ રહેલું છે.

# www.rcoa.ac.uk

patientinformation@rcoa.ac.uk

**© 2024 Royal College of Anaesthetists (RCoA)**
દર્દી માહિતી માર્ગદર્શિકા બનાવવાના હેતુથી આ માહિતીની નકલ કરી શકાય છે. કૃપા કરીને આ મૂળ સ્ત્રોતનો ઉલ્લેખ કરો. જો તમે આ માહિતીનો ભાગ બીજા પ્રકાશનમાં વાપરવા માંગતા હો, તો યોગ્ય સ્વીકૃતિ આપવી પડશે અને ગ્રાફિક્સ, બ્રાન્ડિંગ, છબીઓ અને ચિહ્નો દૂર કરવા પડશે. વધુ માહિતી માટે, કૃપા કરીને અમારો સંપર્ક કરો.